મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૩૧ ટકા
ગાંધીનગર તાપમાન

મેયરે પ્રધાનમંત્રીનો પેજ પ્રમુખને બિરદાવતો પત્ર સ્વિકાર્યો

રાષ્ટ્ર નિર્માણની મશાલ સાથે ન્યૂ ઈન્ડિયાની યાત્રામાં જોડાવા શ્રી નરેન્દ્રભાઈએ આહ્વાન કર્યું છે : રીટાબેન પટેલ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં ભારતીય જનતા પાર્ટીના મુખ્યાલય શ્રીકમલમ્ ખાતે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં મેયરશ્રી રીટાબેન પટેલને ભારતના વડાપ્રધાનશ્રી દ્વારા સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પર્વે પેજ પ્રમુખશ્રીઓને પાઠવવામાં આવેલો પત્ર પ્રદેશ પ્રમુખશ્રી સી. આર. પાટીલના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો. આ તકે રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. પત્ર સંબંધમાં મેયરશ્રીએ જણાવ્યુ કે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ યોજાનાર છે. ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પત્ર મારફતે તમામ ઉમેદવારોને રાષ્ટ્ર નિર્માણની મશાલ સાથે ન્યૂ ઈન્ડિયાની યાત્રામાં જોડાવા આહ્વાન કરવામાં

આવ્યુ છે અને ચૂંટણીમાં ઝળહળતી સફળતા મેળવવા માટે શુભકામના પાઠવવામાં આવી છે.

પત્રમાં વડાપ્રધાનશ્રીએ પાઠવેલા સંદેશા અંગે વધુમાં મેયરશ્રી રીટાબેન પટેલે જણાવ્યુ કે, ગુજરાતની જનતાએ હંમેશથી ભાજપ પર નિશ્વાર્થ સ્નેહ વરસાવ્યો છે. તેથી ગુજરાત મક્કમ, ભાજપ અડિખમ એ સુત્ર જ નહીં પરંતુ ભાજપ અને ગુજરાતના સંબંધની હ્રદયની છબી છે અને મને ખાતરી છે કે, પરસ્પર વિશ્વાસની આ ગંગા નિરંતર વહેતી રહેવાની છે. ત્યારે આપણા માટે મહાભારતના અર્જુનને જેમ પક્ષીની આંખજ દેખાતી હતી, તેમ છેવાડાના માનવીના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તે એકમાત્ર લક્ષ્ય હોવું જોઈએ.લોકશાહીનો ધબકાર મતદાર હોય છે. પરિણામે પેજ કમિટી દ્વારા ચલાવવામાં આવતા સંપર્ક અભિયાન મતદારને મતદાન કરવા માટે પ્રોત્સાહન આપનારૂ અને લોકશાહીના મુલ્યોને સુદ્રઢ કરવામાં મહત્વનો ફાળો આપશે. લોકોની આકાંક્ષા અને અપેક્ષાઓને સમજીને તેના પર ખરા ઉતરવાની કર્મનિષ્ઠ અને સંવેદનશીલ કાર્યકરની ફરજ બની રહે છે, તેમ વડાપ્રધાનશ્રીએ જણાવ્યુ છે.

કોરોના બાદ ધીમે ધીમે પરિસ્થિતિ નોર્મલ થઈ રહી છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓનો માહોલ ધીમે ધીમે જામી રહ્યો છે. ભરતી પરીક્ષાઓ નજીક આવતા વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારી માટેના પુસ્તકો ખરીદતા નજરે ચઢી રહ્યા છે. મીનાબજારમાં પુસ્તકો ખરીદવા માટે વિદ્યાર્થીઓના રીતસર ટોળાં જામે છે.

જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ના ધો-૬ થી ૮ના વિદ્યાર્થીઓ એસ.ઓ.પી. પ્રમાણે માસ્ક પહેરી, સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરીને શાળાના શૈક્ષણિક કાર્યમાં આગળ વધ્યા હતા.

જન્મદિને વધામણી

બિપીન રાવલ
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મેનેજિંગ ટ્રસ્ટી, શાંતિનિકેતન સ્કૂલ
મો. ૯૪૨૯૪ ૩૭૫૭૫

ચેતના બુચ
પ્રમુખ, જ્યોતિ મહિલા મંડળ
મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮

તન્વી મુંજાલ રાવલ
મો. ૯૯૭૮૯ ૬૭૮૦૯



પ્રણવ અમૃત ચૌધરી
મો. ૯૮૨૫૧ ૭૨૧૮૧

આર્યન જનકભાઈ પટેલ
મો. ૯૮૭૯૬ ૮૭૨૭૬

એસ.કે. પટેલ સ્કુલમાં વસંત પંચમી નિમિત્તે 'યલો ડે' યોજાયો

ગાંધીનગર, તા.૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં વસંત પંચમી નિમિત્તે યલો ડે યજાયો હતો. જેમાં બાળકોએ સરસ્વતિ માંને યલો ફલાવર ચડાવીને પ્રાર્થના કરી હતી અને શિક્ષિકાઓ દ્વારા બાળકોને વસંત પંચમીના પુજનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ દ્વારા ગાંધીનગરમાં 'વસંતના વધામણાં' થયા

ગાંધીનગર, તા.૧૮

રાષ્ટ્રવાદ અને સેવાભાવનાને વરેલી સંસ્થા ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ, ગાંધીનગર તથા ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગમાં ૧૪મી ફેબ્રુઆરી રવિવારના રોજ સ્ટાફ ટ્રેઈનીંગ કોલેજ સેકટર-૧૭ ખાતે 'વસંતના વધામણાં'નું આયોજન કરવામાં આવ્યું હતું.

કવિ કિશોર જીકાદરા, પ્રતાપસિંહ ડાભી 'હાકલ', ડૉ. ધૈવત શુકલ 'આનંદ', કનૈયાલાલ ભટ્ટે કૃતિઓએ સહુના દિલ જીતી લીધા હતા. રાઘવજી માધડ અને ડૉ. કેશુભાઈ દેસાઈએ વસંતનું શબ્દ ચિત્રાંકન કર્યું હતું. નગરના પ્રસિદ્ધ તબીબો ડૉ. રાજીવ હર્ષે, ડૉ. અજય ગુપ્તા અને ડૉ.દૈવત શુકલએ ગીતોની રમઝટ બોલાવી હતી.

કવિ કિશોર જીકાદરાના શબ્દો 'સૂતા પહેલાં લોકેશન તો સમજાવ્યું'તું તોય તમારું સપનું સાલુ ક્યાં આવ્યું'તું' સાથે શરૂ થયેલી કવિઓની શબ્દયાત્રામાં પ્રતાપસિંહ ડાભી 'હાકલ' દ્વારા તરન્નુમાં રજુ કરાયેલી રચના 'વંદના ઘૂંટાયેલી' એ ગજબનો માહોલ સર્જી દીધો હતો. ડૉ. દૈવત શુકલ 'આનંદ' મારી તમારી ભીતરે આજે વસંત, વંસતની આપણી અંદરની ઉપસ્થિતિની વાત લઈને આવ્યા તો કનૈયાલાલ ભટ્ટ દ્વારા 'આ ગાંધીનગર છે' રચનાએ શ્રોતાઓને વસંતના આનંદમાં તરબોળ કરી દીધા હતા. ત્યારબાદ ઉદયભાઈ પાંભરે પણ વાસંતી રચનાઓ રજૂ કરી હતી.

બધા કવિઓએ એક પછી એક પોતાની સુંદર રચનાઓ રજૂ કરી. ત્યારબાદ વાસંતી વકતવ્યમાં રાઘવજી માધડ દ્વારા અત્યંત હળવી શૈલીમાં જીવનમાં ઉતેરલી વસંતનું મહત્વ રજુ કરાયું તો ડૉ. કેશુભાઈ દેસાઈ દ્વારા વસંતના માહોલમાં અતિતના અનેક પૌરાણિક પ્રસંગોને શબ્દ સંકલનમાં રજુ કરાયા અને સમગ્ર શ્રોતાજનો વસંતના રસમાં તરબોળ થઈ ગયા હતા.

ઈ.લા. આશાબેન પંડયા (નેશનલ ચેરપર્સન) ઈ.લા. અક્ષયભાઈ ઠકકર (નેશનલ વાઈસ ચેરપર્સન) દ્વારા પ્રાસંગિક રજૂઆત અને સન્માન મોમેન્ટો આપવામાં આવ્યા. ઈ.લા. હિતેષભાઈ પંડયા (ચીફ પેટ્રન) અને ઈ.લા. રાધેશ્યામભાઈ યાદવ (પ્રમુખ ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ, ગાંધીનગર)ની આગેવાનીમાં પ્રોજેકટ કો ઓર્ડિનેટર, ઈ.લા. ડૉ. ધૈવતભાઈ શુકલ દ્વારા સંપૂર્ણ પ્રોગ્રામનું આયોજન કરાયું હતું. ઈ.લા. કુંપલબેન દવે દ્વારા સ્ટેજનું સફળતાથી સંચાલન કરવામાં આવ્યું હતું.

આજે નાના ચિલોડા ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

શ્રી કષ્ટભંજન ગોદડિયા હનુમાનજીના ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે વિપુલભાઈ વરિયા દ્વારા ૧૯ ફેબ્રુઆરીના રોજ સાંજે ૫ વાગ્યે ચિલોડા વેદાંત ઈયોન એસ.પી. રીંગ રોડ નાના ચિલોડા ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે. સર્વે ધાર્મિકજનોને આ સુંદરકાંડ પાઠમાં પધારવા હાર્દિક આમંત્રણ છે. પાઠ દરમિયાન કોરોના ગાઈડલાઈનનું પાલન કરવા સર્વે ધાર્મિકજનોને અનુરોધ કરાયો છે.

એસ.એસ.વી. શાળાના ધો-૬ થી ૮ના વિદ્યાર્થીઓ સરકારની ગાઈડલાઈન પ્રમાણે હાજર થઈ રાબેતા મુજબ અભ્યાસ કરવા લાગ્યા છે.

બ્રહ્મગૌરવ રામભાઈ મોકરીયાના રાજ્યસભાના ઉમેદવારીપત્ર ભરવાના સમયે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષાના પ્રમુખ ભરતભાઈ રાવલ, મહામંત્રી અને મીડીયાસેલ પ્રદેશ પ્રવક્તા યજ્ઞેશભાઈ દવે, ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવક, ઉપાધ્યક્ષ અશ્વિનભાઈ ત્રિવેદી, ચીફ કોર્ડીનેટર અમીતભાઈ દવે , જાણીતા કથાકાર અને ધર્મસાંસદ કનૈયાલાલ પંડ્યા, વિમલભાઈ તથા નરેશ દવે સહિતના બ્રહ્મ અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના પ્રભારી ભૂપેન્દ્ર યાદવજીનું અમદાવાદ એરપોર્ટ પર સ્વાગત કરાયું

ગાંધીનગર, તા.૧૮

ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારીશ્રી ભૂપેન્દ્ર યાદવ ભાજપાએ રાજ્યસભાની બે બેઠકો માટે જાહેર કરેલ બંને ઉમેદવારશ્રીઓ શ્રી દિનેશભાઈ પ્રજાપતિ અને શ્રી રામભાઈ મોકરિયાના આજરોજ નામાંકન દાખલ કરવાના પ્રસંગે ઉપસ્થિત રહેવા અર્થે ગઈ કાલે રાત્રે હવાઈ માર્ગે અમદાવાદ પહોંચ્યા હતા. એરપોર્ટ પર પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલા, મહાનગરના ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયર રીટાબેન પટેલ દ્વારા તેમનું ભાજપાનો ખેસ પહેરાવી સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, મહાનગર ભાજપાના મહામંત્રીશ્રીઓ શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, શ્રી ગૌરાંગભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

બંગાળના વિકાસ માટે બંગાળને ભય મુક્ત બનાવવા માટે પુનઃ સોનાર બાંગ્લાના નિર્માણ હેતુ બરકલોર લોકસભાના નૌહાટી વિધાનસભાના શિવદાસપુરા ગામમાં હિન્દુ ફાયર બ્રાંડ નેતા કપિલ મિશ્રાજી ની સાથે ગુજરાત બ્રહ્મ સમાજના યુવા મંત્રી દિવ્ય ત્રિવેદી એ ભારતીય જનતા પાર્ટીના પ્રચાર માં માન. નરેન્દ્ર મોદીજી તથા અમિત શાહના માર્ગદર્શનમાં મૂઠી ચોખા ઘરે ઘરે થી મેળવ્યા હતા.

ઓનલાઈન રીસ્ટ વૉચ બનાવવાની પ્રવૃત્તિનું આયોજન

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલ સે-૨૩ની ધો-૨ની વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અર્થે શાળા દ્વારા 'કાંડા ઘડિયાળ (રીસ્ટ વૉચ)' બનાવવાની પ્રવત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંગેનું માર્ગદર્શન શાળાના શિક્ષિકા હીનલબેન તથા સંગીતાબેન દ્વારા પુરું પાડવામાં આવ્યું હતું.

જ્યોતિ મહિલા મંડળ શહેરમાં સેવા કાર્યો અર્થે ખડેપગે સક્રીય

ગાંધીનગર, તા.૧૮

શહેરની જાણીતી સંસ્થા જ્યોતિ મહિલા મંડળ દ્વારા વર્ષોથી શહેરમાં સેવા કાર્યો થતા રહે છે. આ વર્ષે પણ મંડળ દ્વારા શિયાળાની કડકડતી ઠંડીમાં જરૂરિયાતમંદોને ગરમ કપડા વિતરણ, ઉત્તરાયણ નિમિત્તે શ્વાન માટેના લાડુ, ઝુંપડપટ્ટીમાં તલ-શીંગને મમરાના લાડુ વિતરણ, બહેનો માટે સ્ત્રી રોગ સમસ્યાનું નિવારણ, સૂકા કચરાના નિકાલ માટેનો ઓનલાઈન કાર્યક્રમ, ઈ વેસ્ટ નિકાલની યોગ્ય વળતર સાથેની યોજના સાથેના વૈવિધ્યસભર કાર્યક્રમો જ્યોતિ મહિલા મંડળ દ્વારા કરવામાં આવ્યા હતા.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા રાધાકૃષ્ણ મંડળના સહયોગથી માતાજીને થાળ ધરી ધાર્મિક પ્રવાસનું આયોજન, જરૂરિયાતમંદ બ્રાહ્મણોને કોરોના કાળમાં યજમાન વૃત્તિ યોગ્ય પ્રમાણમાં હાથ ન ધરી શકાઈ હોવાથી પુરતા પ્રમાણમાં સાધન સામગ્રી પુરા પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત આનંદનો ગરબો, ભજન કીર્તન જેવા અનેક ધાર્મિક અને સેવા કાર્યો કરી જ્યોતિ મહિલા મંડળ સક્રિય રહ્યું હતું. આ તમામ કાર્યક્રમોમાં ડૉ. ચેતના બુચ, નીરૂબેન નાયક, મીનાબેન શાહ, તારાબેન પટેલ, પ્રવિણાબેન ગામિત, હર્ષાબા ધાંધલ, જ્યોતિબેન ઠકકર, કિન્નરીબેન દવે તમામનો સહયોગ રહ્યો હતો.

આહીર સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયલ જાહેરાત ક્રમાંક ૧૧૨/૨૦૧૮-૧૯, પોલીસ ઈન્સ્પેકટર (બિન હથિયારધારી) વર્ગ-૨ની સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થયેલા ૬૦ ઉમેદવારોમાંથી આહીર સમાજના પાંચ ઉમેદવારોએ સફળતા મેળવી છે. જેમાં પાસ થનાર સંજય સરમણભાઈ સોલંકી, મહેશ મેરામણભાઈ વરચંદ, મુકેશ કાનાભાઈ વરણકા, ડૉ. નિધિબેન બાવભાઈ કલસરીયા, કાજલબેન રણમલભાઈ સુવાને આહીર સમાજ દ્વારા અભિનંદન પાઠવવામાં આવે છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ હીરાબેન પુરૂષોત્તમ
  ઉ.વ. ૭૨, સેકટર-૩૦
- સ્વ. મહેતા રમીલા મહેન્દ્ર
  ઉ.વ. ૭૭, સેકટર-૨
- સ્વ. ચૌહાણ ચંદ્રબા ઉમેદસિંહ
  ઉ.વ. ૬૯, પેથાપુર
- સ્વ. પરમાર કલ્પનાબેન દલસુખભાઈ
  ઉ.વ. ૭૫, સેકટર-૨૨
- સ્વ. ઠાકોર નેનાજી રાયસંગજી
  ઉ.વ. ૬૭, ડભોડા, યાદવનગર
- સ્વ. પટેલ અંબાલાલ મોતીલાલ
  ઉ.વ. ૮૨, સેકટર-૨૯

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. મંજુલાસિંહ ગુપ્તેશ્વર પ્રસાદસિંહ
  ઉ.વ. ૭૩, સરગાસણ